१०१/०२, એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે નવા તળાવ બાંધકામ માટે રૂ.૨૮૦.૦૦ લાખની જોગવાઇના ખર્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- એફડીવી/૧૩૨૦૧૮/૧૨૨/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ઝ-૮/૧૦૧-૦૨/ન.ત.બાં/ન.બા/૨૦૧૭-૧૮/૨૮૪૭, તા.૨૫/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ઝ-૮/૧૦૧-૦૨/ન.ત.બાં/ન.બા/૨૦૧૭-૧૮/૩૨૭૩, તા.૨૬/૦૩/૨૦૧૮

ઠરાવ:-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી ૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે નવા તળાવ બાંધકામ માટે રૂા.૨૮૮.૦૦ લાખની જોગવાઇના સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તક રાજ્યમાં નવા મીઠા પાણીના સ્ત્રોત ઉભા કરી મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા નવા તળાવોના બાધકામ માટે સહાય આપવા માટે વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૨૮૦.૦૦ લાખની મહેસુલી સદર હેઠળની નવી સેવાની યોજનાને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ કરેલ છે. રાજ્યમાં ૧૦૦ હેકટર નવા તળાવોનું નિર્માણ કરી જેમાં માછલીનો ઉછેર કરી મત્સ્ય ઉત્પાદનમાં વધારો થશે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માંગણી નં- ૬, મુખ્ય સદર : ૨૪૦૫,૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે નવા તળાવ બાંધકામ માટે રૂા.૨૮૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગામ તળાવ બાંધકામ સહાય માટેની શરતો અને બોલીઓ :-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ. તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીની પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) આ યોજનામાં નવા તળાવ બાધકામ માટે જનરલ લાભાર્થીને હેક્ટર દીઠ યુનિટ કોસ્ટ રૂ.૭.૦૦લાખના ૪૦ ટકા સહાય ઓછામાં ઓછી ૦.૫ હેક્ટર તથા વધુમાં વધુ ૨ હેક્ટર સુધી સહાય આપવામાં આવશે. તે જ રીતે અનુસુચિત જાતી/જનજાતિના લાભાર્થીને ઓછામાં ઓછું ૦.૨ હેક્ટર તથા વધુમાં વધુ ૨ હેક્ટર માટે ૬૦ ટકા સહાય આપવામાં આવશે.

(૧૦) નવા મત્સ્ય તળાવોના બાધકામ માટેની યુનીટ કિંમત રૂ. ૭.૦૦ લાખ પ્રતિ હેક્ટરની રહેશે. જેમાં જનરલ લાભાર્થીને યુનિટ કિંમતના ૪૦ ટકા લેખે વધુમાં વધુ રૂ. ૨.૮૦ લાખ અથવા થયેલ ખર્ચના ૪૦ ટકા તથા અનુસુચિત જનજાતિ/જાતીના લાભાર્થીને યુનિટ કિંમતના ૬૦ ટકા લેખે વધુમાં વધુ રૂ.૪.૨૦ લાખ પ્રતિ હેક્ટરની મર્યાદામાં અથવા ખરેખર થયેલ ખર્ચના ૬૦ ટકા બે માંથી જે ઓછું હોઉં તે સહાય મળવા પાત્ર થશે

(૧૧) લાભાર્થીએ જમીન પોતાના નામે ઉપલબ્ધ છે. તે અંગેના દસ્તાવેજો રજુ કરવાના રહેશે. ભાડાપટેથી મેળવેલ જમીન ઓછામાં ઓછા ૧૦ વર્ષ માટે ભાડાપટે મેળવેલ હોવા અંગેના દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

(૧૨) લાભાર્થી ધ્વારા નવા મત્સ્ય તળાવોના બાંધકામ માટે નાણાકીય સ્ત્રોતની વિગતો આપવાની રહેશે. તથા લાભાર્થી ધ્વારા પ્રોજેક્ટમાં જરૂરી મંજુરી/ ક્લીયરન્સ મેળવવાના દસ્તાવેજો સાથેનો વિગતવાર પ્રોજેક્ટ રીપોર્ટ જિલ્લા કચેરીને રજુ કરવાનો રહેશે.

(૧૩) રાજય સરકાર ધ્વારા સમય અંતરે જે ઠરાવો બહાર પાડવામાં આવે તે લાભાર્થીને બંધનકર્તા રહેશે

(૧૪) નવા બંધાયેલ તળાવમાં પાણીની ઓછામાં ઓછી ઉંડાઈ ૧.૫ મીટર રાખવાની રહેશે

(૧૫) લાભાર્થીએ નવા મત્સ્ય તળાવ બાંધકામ માટેની જરૂરી દસ્તાવેજો સાથેની વિગતવાર પ્રોજેક્ટ સાથેની દરખાસ્ત જીલ્લા કચેરીને કરી, સૈધ્ધાંતિક મંજૂરી મેળવવાની રહેશે. જિલ્લા અધિકારીએ સ્થળ નિરીક્ષણ કરી, મત્સ્યોધોગ માટે યોગ્ય જણાયે સૈધ્ધાંતિક મંજૂરી આપવાની રહેશે.

(૧૬) જિલ્લા કચેરીએ લાભાર્થીની અરજીની સંપૂર્ણ ચકાસણી કરી નવા મત્સ્ય તળાવ બાંધકામ પૂર્ણ થયાનું વર્ક કંમ્પલીશન સર્ટીફીકેટ સરકાર માન્ય ઇજનેરશ્રીનું રજુ થયા બાદ જિલ્લા કચેરીએ ભૌતિક ચકાસણી કરી તેઓના અભિપ્રાય સહ વિભાગીય વડાને નાણાંકિય મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે. ત્યારબાદ વિભાગીય વડાએ નવા મત્સ્ય તળાવ બાંધકામ પૂર્ણ થયાનું વર્ક કંમ્પલીશન સર્ટીફીકેટ સરકાર માન્ય ઇજનેરશ્રીનું ધ્યાને લઇ, નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

(૧૭) નવા મત્સ્ય તળાવ બાંધકામ માટેની કામગીરીનો અંદાજ રજીસ્ટરર્ડ સિવીલ એન્જીનિયર પાસે કરાવવાનો રહેશે. અને કામગીરી પૂર્ણ થયે, થયેલ ખર્ચ સહીતની કામગીરીનું પ્રમાણપત્ર રજીસ્ટરર્ડ સિવીલ ઈજનેરનું રજું કરવાનું રહેશે

(૧૮) લાભાર્થીને સહાયનું ચુકવણું ડાઇરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થી કરવાનું રહેશે.

(૧૯) યોજનાની બોલીઓ અને શરતોમાં જરૂર જણાયે સુધારા વધારા કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની રહેશે.

(૨૦) આ યોજના હેઠળ લાભ લીધેલ લાભાર્થીએ ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો/અધિનિયમ-૨૦૦૩ અન્વયે સંબંધિત જિલ્લા કચેરીમાં નવા મત્સ્ય તળાવ બાંધકામની નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવવાનું રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | - | ૦૬(નવી બાબત) મહેસુલી ખર્ચ |
| સેકટર | - | ગ—આર્થિક સેવાઓ |
| સબ સેકટર | - | (ક) ખેતી અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | - | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ |
| ગૌણ સદર | - | ૧૦૧- આંતરદેશીય મત્સ્યોદ્યોગ |
| પેટા સદર | - | (૦૨)-એફ.એસ.એચ-૨, મત્સ્યબીજનું ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવા. |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૦૫/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ